dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

December 2011 | For private circulation only | Vol. 03 - Issue 72

जो भाग्यवान है, वह दानशीलता अपनाता है और दानशीलता से ही आदमी भाग्यवान होता है ।

शेख सादी

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

માણસ હોવું એ કોઈ સામાન્ય ઘટના નથી પણ માણસ તરીકે જન્મવું એક વાત છે અને માણસ તરીકે જીવવું એ જરા જુદી વાત છે. વળી 'સ્વ' માટે જીવવું એના કરતાં વધારે મોટી વાત 'સર્વ' માટે જીવવું છે. પોતાના માટે જ જીવવું એ ખ્યાલ બહુ સંકુચિત છે. આજનો માણસ સ્વાર્થી બની ગયો હોવાની ફરિયાદ ડગલેને પગલે સાંભળવામાં આવે છે. શાયર જલન માતરીનો એક શેર છે :

"આ જગતમાં સ્વાર્થનું કેવું ચલણ છે શું કહું
લાશ પણ સોનું બની જાયે તો ના પામે કફન"

માણસ નામના કૂવાની લાગણીનું તળ ઘણું ઊંડે જઈ રહયું છે. એ સંવેદનશીલ ઓછો ને વેદનશીલ વધારે જણાય છે. શાયર મરીઝના પ્રસ્તુત શેર હૃદયભાવ હોય તેવા માણસોની સંખ્યા ઘટી રહી છે :

"બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જયારે જયાં મળે ત્યાં બધાના વિચાર દે"

સુખમાં બીજાનો વિચાર આવવો એ માણસ હોવાનો પૂરાવો છે. ધન જયારે દાન બને છે ત્યારે એ મહાલક્ષ્મીનું રૂપ પામે છે. સંપત્તિ સ્મશાન સુધી લઈ જઈ શકાતી નથી એ સ્મશાનમાં પહોંચ્યા પછી સમજાતું હોય છે ! અનેક કાર્યક્રમોના આરંભે પ્રાર્થનામાં આ પંકિતઓ સાંભળવા મળે છે :

"હમ ન સોચે હમે કયા મિલા હૈ
હમ યે સોચે કિયા કયા હૈ અર્પણ"

અર્પણ કરવાની પણ એક મજા હોય છે. એવો અનેરો આનંદ અલબત્ત સૌના સદ્‌ભાગ્યમાં નથી લખાયો હોતો. અથર્વવેદમાં કહયું છે તે આરસની તકતી પર લખી રાખવા જેવું છે કે : "હજારો હાથથી ભેગું કરો અને હજારો હાથથી વહેંચો." હમણાં ઉપરા ઉપરી ત્રણ-ચાર ઘટનાઓ હૃદયને ઠંડક આપે એવી યુનિવર્સિટીના સંદર્ભમાં બની. ગુજરાતી વિભાગને સરકારશ્રી-શિક્ષણ વિભાગ દ્વારા મંજુરી મળી એના ચોથા દિવસે જ ભરથાણા ખેડૂત પુત્ર શ્રી હિતેશભાઈ પટેલે રૂ-બ-રૂ-આવીને ગુજરાતી વિભાગ માટે રૂા. બે કરોડનું દાન આપવા જણાવ્યું! શરત પૂછી તો કહે, 'સદ્‌ઉપયોગ કરો એટલી જ શરત!! ખલિલ જિબ્રાને કહયું હતું કે 'દાની અને જ્ઞાની હંમેશા નમ્ર હોય છે' તેની પ્રતીતિ થઈ.

થોડા દિવસ પહેલાં મારી સમેત સૌ સિન્ડિકેટના સભ્યોને એક ઉત્તમ વિચાર આવ્યો કે યુનિવર્સિટી કેમ્પસમાં 'સરસ્વતી કેન્દ્ર' અને 'વિવેકાનંદ કેન્દ્ર' અચૂક હોવું જોઈએ. સરસ્વતી વિદ્યા-જ્ઞાનની દેવી છે અને સ્વામી વિવેકાનંદ યુવાનો માટે આદર્શ છે. જયાં વિદ્યાની આરાધના હજજારો યુવાનો દ્વારા થાય છે ત્યાં આનાથી એક ભાવ પેદા થઈ શકે, પ્રેરણા મળી શકે. વળી, આવતા વર્ષે સ્વામી વિવેકાનંદની દોઢસોમી જન્મજયંતી પણ છે. વિચાર વહેતો મૂકયો અને એ વિચારને ઝીલી લીધો શ્રી માવજીભાઈ સવાણી અને શ્રી જશમતભાઈ વેડીયા અને શ્રી અનુભાઈ તેજાણીએ. સીધો માવજીભાઈ સવાણીને મળવા પહોંચ્યા ને સરસ્વતી મંદિર બનાવવાની વાત મૂકી. એમણે વાત સ્વીકારી અને રૂા. ૨૧ લાખનું દાન આપવાની જાહેરાત કરી.

એ જ રીતે શ્રી જશમતભાઈને મળ્યો. ગોષ્ઠી કરી. વિચાર મૂકયો 'વિવેકાનંદ કેન્દ્ર'નો. રાજીપા સાથે એમણે વાત સ્વીકારી અને રૂા. ૨૧ લાખનું દાન આપવાની જાહેરાત કરી. આ બન્ને મહાનુભાવોએ ખર્ચ વધે તો પણ ચિંતા ન કરવા સધિયારો આપ્યો છે. પરસેવાના પૈસાને પરફયૂમમાં કેવી રીતે ફેરવી શકાય તે આ દાનવીરો સારી રીતે જાણે છે. એક દિવસ અચાનક શ્રી મુરલીમનોહર રામકિશન મુન્દ્રાનો પરિચય થયો ને એમણે સ્વખર્ચે યુનિવર્સિટી કેમ્પસમાં બગીચા બનાવી આપવા જણાવી એની શરૂઆત પણ કરી દીધી છે. પુજય મોટા આશ્રમ સાથે સંકળાયેલા શ્રી ધીમંતભાઈ ઘીવાલા એમની ટીમ સાથે આવ્યા મેં એમની સમક્ષ એક સુંદર તળાવ અને બગીચો બનાવી આપવાનો પ્રસ્તાવ મૂકયો ને સૌએ સહર્ષ સ્વીકારી ઝડપથી કામ શરૂ કરવા વચન આપ્યું છે. આશરે ૧૦ લાખથી વધુના ખર્ચે એક ઉપવન તૈયાર થશે !! સૌના સાથથી યુનિવર્સિટી વિકાસના સોપાનો સર કરશે એવી શ્રધ્ધા છે. સમગ્ર યુનિવર્સિટી પરિવાર સખાવતી દાતાશ્રીઓનો ઋણ સ્વીકાર કરે છે. અને મા સરસ્વતી એમના પર કૃપા વરસાવે એવી પ્રાર્થના કરે છે.

૩૧ ડિસેમ્બર, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## શિલાન્યાસ અને ભૂમિપૂજન

યુનિવર્સિટીના આંગણે તા. ૧૫-૧૨-૨૦૧૧ના રોજ મા. શ્રી રમણલાલ વોરા (મંત્રીશ્રી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના વરદ હસ્તે, શ્રી નરોત્તમભાઈ પટેલ (મંત્રીશ્રી, પંચાયત ગ્રામવિકાસ, ગૃહનિર્માણ વિ.)ના મુખ્યમહેમાન પદે તથા કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષ પદે (૧) શ્રીમતી લક્ષ્મીબેન પ્રેમજીભાઈ સવાણી સરસ્વતી સાધના કેન્દ્ર (સૌજન્ય : શ્રીમતી વસનબેન અને શ્રી માવજીભાઈ પી. સવાણી, શ્રી ધર્મેન્દ્રભાઈ એમ. સવાણી), (૨) ગૌલોકવાસી શાંતાબેન નાનુભાઈ વિડિયા સ્વામી વિવેકાનંદ કેન્દ્ર (સૌજન્ય : શ્રીમતી રેખાબેન અને શ્રી જસમતભાઈ એ. વિડિયા, શ્રી અનુભાઈ તેજાણી) (૩) દુર્લભભાઈ રામજીભાઈ ભાણાભાઈ પટેલ ગુજરાતી ભાષાભવન (સૌજન્યઃ શ્રી હિતેશભાઈ દુર્લભભાઈ પટેલ, શ્રી સોમાભાઈ રામજીભાઈ પટેલ) (૪) સાયન્સ બ્લોક (સોફેસ્ટીકેટેડ સાયન્સ સેન્ટ્રલ ઈન્સ્ટ્રુમેન્ટસ, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન) અને (૫) કન્યા છાત્રાલય (યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન)ના ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાઈ ગયો.

આ સમારોહમાં શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાએ ખાસ ઉપસ્થિત રહી દાતાઓને યુનિવર્સિટી સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. યુનિવર્સિટી સાથે સમાજની જનભાગીદીરીની પરિકલ્પનાને ચરિતાર્થ બનતા જોઈ મંત્રીઓએ દાતાઓની ઉદાત્ત ભાવનાને પ્રોત્સાહિત કરી હતી.

ભૂમિપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયા બાદ 'વિચારગોષ્ઠિ'ને સંબોધતાં શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, પરપ્રાન્તના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે ગુજરાતમાં આવવા આતુર છે. જે આપણા શિક્ષણની ગુણવત્તાને આભારી છે અને તેના શ્રેયના પ્રાધ્યાપકો પણ ભાગીદાર છે. વિચારગોષ્ઠિના પ્રારંભે કુલપતિશ્રી દક્ષેશ ઠાકરે આનંદમાં વિવેક જળવાય તો વિવેકાનંદ થવાય તેમ જણાવી ભૂમિપૂજન થયેલ પાંચ પ્રકલ્પોની ટૂંકમાં વિગતો આપી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, સિન્ડિકેટના સભ્યશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ અને યુનિવર્સિટી પરિવાર ઉપસ્થિત રહયા હતા.

'વિચારગોષ્ઠિ'ની પૂર્ણાહૂતિ કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાએ અને સંચાલન કપિલદેવ શુકલે કર્યું.

**શિલાન્યાસ અને ભૂમિપૂજન – ફોટોગ્રાફસ**





















VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF COMPUTER SCIENCE


VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF COMPUTER SCIENCE

## વ્યાખ્યાન



As a part of extra / co-curicular activity, the Statistics Department organised a special guest lecture on "Project / Survey Planning" on 9th December 2011 by Mr. Vimal Trivedi, Associate Professor, Canter for social study, VNSGU, Surat. He delivered very good informative lecture on how to conduct a survey or market research projects. During the session of two hours, he discussed the systematic basis steps that are to be followed by a good researcher, strains from main problem to final interpretation/conciusion. He was insisting on social surveys which are beneficial to society as a whole. He delivered the lecture on two way basis which was very much useful to the students. After the session he had discussed some of the research topics that can be studies by students under some limitations. He answered the question that arised in students mind at the end of the session.

At the end he emphasised that the department must conduct surveys in near future.

## સ્પર્ધા



આર.જી. યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ, કર્ણાટકા મુકામે આંતર યુનિવર્સિટી એથ્લેટીકસ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો અને આભારવિધિ કરી હતી. આ ટીમના કોચ શ્રી મોહન મોયરા અને મેનેજર તરીકે શ્રી મોહમ્મદ ધુપ્લી સેવા આપી રહયા છે. ટીમ : ૧) શ્રી ચૌધરી નરેન એન., ૨) શ્રી ચૌધરી સુનીલ આર., ૩) શ્રી વડવી રાજીવ આર., ૪) શ્રી સૈદાને હાર્દિક એસ., ૫) શ્રી ભારદીવાલા મયૂર એમ., ૬) કુ. ગામીત અન્શુ જે., ૭) કુ. વસાવા અંજના બી., ૮) કુ. ગણવીત રીના એસ.

## Ph.D. : Lib. & Inf. Sci.



યુનિવર્સિટીના મદદનીશ ગ્રંથપાલ શ્રી બી.જે. અંકુયાએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાંથી પૂર્વ યુનિવર્સિટી લાયબ્રેરિઅન અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના પૂર્વ કો-ઓર્ડિનેટર ડૉ. એમ.કે. પ્રજાપતિના માર્ગદર્શન તળે The Role of the UGC in the Development of the University Libraries of the Gujarat state: A Study શીર્ષક પર મહાશોધનિબંધ પ્રસ્તુત કરીને પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during October 2011 to November 2011.

**EDUCATION**

1 Gamit, Dilipbhai M. **Dakshin Gujarat ni shalaomaa Gujarati bhasha shikshan ni pravartman parishiti.**(Dr.R.B.Chaudhari), Department of Education, VNSGU, Surat.

2 Parekh, Devangkumar K. **Experimental study of the effectiveness of website in learning chemistry at higher secondary level.**(Dr.D.B.Shah), Department of Education, VNSGU, Surat.

**HRD**

1 Sharma, Umesh R. **Impact of humand resources systems on performance of the organization: A study in select industries of Vapi, Silvassa and Daman.**(Dr.D.G.Thakore), Department of Human Resource Development, VNSGU, Surat.

**MANAGEMENT**

1 Almoula Trupti S. **Factors that contribute to change implementation in the field of higher education: A perceptual analysis of women indecision making roles in the field of higher education in the state of Gujarat.**(Dr.A.S.Abani), B.M.College of Management, Surat.

**MATHEMATICS**

1 Patel, Vaishali N. **On the generalization of similarity analyses of partial differential equations.** (Dr.M.G.Timol), Dept. of Mathematics, VNSGU, Surat.

2 Tailor, Kruti S. **Study of fractional differential equations of flow problems using adomain decomposition method.**(Dr.P.H.Bhathawala), Department of Mathematics, VNSGU, Surat.

**PHYSICS**

1 Adroja, Dipak G. **Studies on growth of thiourea crystals through evaporation technique and charactrisation of these grown crystals.** (Dr.K.C.Poria), Department of Physics, VNSGU, Surat.

**SCIENCE (Microbiology)**

1 Castro, Arnold R. **New methods for the seological diagnosis of syphilis.** (Dr.H.C.Mody), IMT, Surat.

**STATISTICS**

1 Shah, Hemaliben M. **Statistical study of banking profile of Gujarat in comparison of other selected states and national level.** (Dr.A.J.Rajyaguru), Department of Statistics, VNSGU, Surat.

## M.Phill.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during October 2011 to November 2011.

**ACCOUNTANCY**

1 Gandhi, Hemali J. **Corporate reporting practives of selected banking sectors in India: A study of the Surat People's Co-operative Bank, Bank of Baroda and AXIS Bank.**(Dr.G.N.Rana), J.Z.S.A.and H.P.D.Comm.College, Amroli.

2 Shah, Krina H. **A study of customer satisfaction in retail banking with service quality dimensions: An empirical study of public sector and private sector banks of Surat city.** (Dr.S.O.Desai), Sir K.P.C.C.,Surat.

**BIO SCIENCE**

1 Vyas, Milvee K. **Morpho-histological studies of some medicinal plants of gamopetalae.** (Dr.Y.J.Thanki), Department of Bio-Science, VNSGU, Surat.

**COMMERCE**

1 Bhathena, Parizad M. **A study of relationship of performance appraisal system satisfaction and work performance, affective organizational commitment, turnover intention and intrinsic motivation-with special reference to Bank of India, South Gujarat region**. (Dr.H.S.Oza), S.P.B.E.M. College of Commerce, Surat.

2 Thakor, Darshan M. **Fundamental and technical analysis of equity shares : A study of selected companies.**(Dr.Vinod Patel), P.R.P.Arts-Commerce College, Bardoli.

**ECONOMICS**

1 Rathod, Tarulatabahen M. **Hira udhyog ni stri karigaro no aarthik ane samajik paristhiti no abhyas: Navsari saher na sandarbh ma.** (Dr.D.L.Varsani), J.B.D.M. Arts College, Surat.

**EDUCATION**

1 Patel, Riteshkumar R. **Madhyamik shikshan ane parikshan samayik maa prashidh thayela lekhomathi nishpann thatu shaikshnik chintan.** (Dr.I.K.Ansari), College of Education, Kharod.

2 Barman, Rupalkumar H. **Veer Narmad Dakshin Gujarat University sanlagna B.Ed.college na talimarthi ona shikshak vangena abhiprayo no abhyas.** (Dr.I.K.Ansari), College of Education, Kharod.

**ENGLISH**

1 Jeyachandran, Krupa S. **Representation of race and gender in Alice Walker's the color purple and Gloria Naylor's the women of brewster place.** (Dr.E.V.Ramakrishnan), Department of English, VNSGU, Surat.

**GUJARATI**

1 Gavli, Prafulakumari M. **Kunana samaj na sanskar geeto: Ek abhyas.** (Dr.D.J.Tandel), Smt.J.P.S.Arts College, Balsad)

2 Patel, Dimpalben B. **Rajnikumar Pandya ni 'Kunti' ma narivyatha ek abhyas.**(Dr.Gajanan Patel), M.R.D.Arts and E.E.I.K. Commerce College, Chikhli.

3 Patel, Nilakumari R. **Manubhai Trivedi na bhajano : Ek abhyas.** (Dr.A.A.Shaikh), Government Arts Commerce College, Vansda.

**HINDI**

1 Ahir, Umeshbhai S. **Jainendra ke upanyaso me manovaigyanikta ek adhyayan.** (Dr.G.M.Patel), V.S.P.College of Arts-Science, Bilimora.

2 Chaudhari, Shankarbhai C. **Bhishma Sahni aur unka 'Tamas'.** (Dr.U.L.Patel), Shree Vanraj Arts-Commerce College, Dharampur.

3 Gavit, Anilbhai B. **"Yashpal likhit upanyas 'Manushya ke Roop' : Ek adhyayan.** (Dr.A.L.Tandel), Rofel Arts-Com.College, Valsad.

4 Khaniye, Babubhai B. **Varli lok-kathaye:Ek adhyayan.** (Dr.U.L.Patel), Shree Vanraj Arts-Commerce College, Dharampur.

**MATHEMATICS**

1 Mistry, Pragnaben C. **An application of taylor collocation method for the initial value problems arising in engineering sciences.** (Dr.D.C.Joshi), Department of Mathematics, VNSGU, Surat.

**PHYSICS**

1 Patel, Harshal P. **Thermophysical properties of liquid lanthanides using pseudopotential theory.** (Dr.P.B.Thakor), Department of Physics, VNSGU, Surat.

**SANSKRIT**

1 Ahir, Ashokbhai B. **Kathopnishad ane Shrimadbhagwadgeeta na darshnik sidhhanto nu tulanatmak adhyayan.** (Dr.H.A.Parmar), Smt.J.P.S.Arts College, Valsad.

2 Patel, Dharmishthahaben N. **'Ishavasya upanishad ane Shrimadbhavadgita na darshanik siddhanto ni samiksha: Ek adhyayan.** (Dr.H.A.Parmar), Smt.J.P.S.Arts College, Valsad.

3 Patel, Sunitabahen B. **Kavi Vatsraj krut 'Rukmaniharanihamrug': Ek samikshatmak adhyayan.**(Dr.A.C.Patel), Rofel Arts-Com. College, Vapi.

4 Raut, Dhavalkumar I. **Kavi Shingb Bhupal krut 'Kuvalayavali':Ek samokshatmak adhyayan.** (Dr.A.C.Patel), Rofel Arts-Com.College, Vapi.

**SOCIOLOGY**

1 Chaudhari Anilbhai S. **Global warmingni gramin samaj par asar.**(Dang jillana sandarbha ma). (Dr.M.N.Gaykwad), Department of Sociology, VNSGU, Surat.

2 Kunvar, Arpitaben S. **Lokbhagidari dwara jal vyavasthapan ane tena parinamo ek samajshatriya adhyayan.** (Bhavnagar jillana Gadhada (Swamina) talukana Khopala gamna sandarbh ma). (Dr. Parvez.Abbashi), Department of Sociology, VNSGU, Surat.

3 Raut, Hetalkumai K. **Adivasi vidhava strio no abhyas::Dang jilla ni adivasi vidhavaona sandarbhama.** (Dr.M.N.Gaykwad), Department of Sociology, VNSGU, Surat.

(Prepared by Dr. B.J. Ankuya)

# કોલેજ ન્યૂઝ

## એન.એસ.એસ.

રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં કોલેજના 'રાષ્ટ્રીય સેવા યોજના'' વિભાગ તથા રોટરી ચેરીટેબલ ટ્રસ્ટ વાપી, એનોર્ડ ફાઉન્ડેશન, વાપીના સંયુકત ઉપક્રમે તા. ૦૧-૧૨-૨૦૧૧ના રોજ વિશ્વ એઈડ્સ દિન'ના ભાગ રૂપે 'એઈડ્સ જાગૃતિ' અંતર્ગત વકતવ્ય યોજવામાં આવ્યું હતું. જેમાં એઈડ્સ કઈ રીતે અટકાવી શકાય. એઈડ્સના દર્દીઓ સાથેનો વ્યવહાર જેવી ઉપયોગી માહિતી શ્રી દિનેશભાઈ, શ્રી નિમેષભાઈ તથા રોટરી કલબ ઓફ વાપીના પ્રેસિડન્ટ શ્રી સંજયભાઈ અને તેમની ટીમે વિદ્યાર્થીઓને આપી હતી.



એસ.બી. ગાર્ડા કોલેજ ઓફ આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે વર્ષ ૨૦૧૧ની ખાસ શિબિર શ્રી કામેશ્વર મહાદેવ મંદિર, ગડત ખાતે તા. ૨-૧૨ થી ૮-૧૨ દરમ્યાન યોજાઈ ગઈ. જેના ઉદ્દઘાટન કાર્યક્રમમાં કોલેજ ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ, કોલેજ પરિવાર અને ધારાસભ્યશ્રી લક્ષ્મણભાઈ પટેલ, મંદિરનું ટ્રસ્ટી પરિવાર, પ્રોગ્રામ ઓફિસરો તથા ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. શિબિરાર્થીઓએ મંદિરના કેમ્પસનાં વૃક્ષોને ગેરુ-ચૂનો, સફાઈ, તળાવના ઓવારાનું કાર્ય વગેરેનું શ્રમકાર્ય કર્યું હતું. શિબિરના બૌદ્ધિક કાર્ય દરમ્યાન પ્રા. પ્રકાશભાઈ શાહે શીઘ્ર વકતૃત્વ, પ્રા. આર. એલ. દિમ્મરે હાડકા તથા સાંધાની તકલીફો, નિવૃત્ત પ્રા. એમ.એમ. જેષીએ મૂલ્યશિક્ષણ, જયકુમાર વશીએ એઈડ્સ અવેરનેશ, દારાભાઈ જોષી, પ્રા. જશુભાઈ નાયક તથા ડૉ. એન.સી. શાહે રાષ્ટ્રીય સેવા યોજના વિષે, ડૉ. ડી.એમ. ગૂર્જરે વ્યકિતત્વ વિકાસ, શ્રી પ્રેમાભાઈ પટેલે આધ્યાત્મિક ઉન્નતિ અને ડૉ. જનકભાઈ પારેખે ગાંધી વિચાર અંગે વ્યાખ્યાન આપ્યાં હતાં. શિબિર દરમ્યાન રાહત દરનો ચશ્મા શિબિર યોજવામાં આવ્યો હતો તેમજ ૧૧ શિબિરાર્થીઓએ રકતદાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ત્રણ પ્રોગ્રામ ઓફિસરો તથા શિબિર સંચાલકો, ૪૦ વિદ્યાર્થી ભાઈઓ તથા ૩૧ વિદ્યાર્થિનીઓ સ્વયંસેવક તરીકે ઉપસ્થિત રહયા હતા. ટ્રસ્ટીશ્રી નોસીરભાઈ સબાવાલાએ શિબિરાર્થીઓને કાચના ગ્લાસનો સેટ (૬ નંગ), બૌદ્ધિક સત્રના વ્યાખ્યાતાઓ અને પ્રોગ્રામ ઓફિસરો માટે સ્મૃતિભેટની ઘોષણા કરી હતી. મંદિરના ટ્રસ્ટને બે દિવાલ ઘડિયાળ તથા રૂા. ૫૦૦૧નો ચેક તથા પ્રિતીબેન નાયકે રૂા. ૧૦૧૧ કામેશ્વર ટ્રસ્ટને અર્પણ કર્યા હતા અને શ્રી એ. પી. ફનીબંદાએ સ્વયંસેવકોને પ્રોત્સાહિત કરવા માટે રૂા. ૨૦૦૦નું દાન જાહેર કર્યું હતું. સમાપન સમારોહમાં વિવિધ વકતાશ્રીઓએ સ્વયંસેવકોનાં શ્રમકાર્ય, શિબિર પ્રવૃત્તિ તથા રાષ્ટ્રીય સેવા યોજનાને બિરદાવી હતી.

## સ્પર્ધા

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓએ તા. ૯-૧૨-૧૧ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢામાં સપ્તધારા અંતર્ગત યોજાયેલ યુનિવર્સિટી કક્ષાની વિવિધ સ્પર્ધાઓ પૈકી કુ. સિદ્દિકા કુરેશીએ એકપાત્રિય અભિનય સ્પર્ધામાં પ્રથમ, શ્રી મુસ્તફા કપાસીએ અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષા અનુવાદ સ્પર્ધામાં તથા શ્રી ગોપાલ સાલ્વીએ હિન્દીમાંથી ગુજરાતી ભાષા અનુવાદ સ્પર્ધામાં દ્વિતીય અને કુ. શૈલી ઉપાધ્યાયે વકતૃત્વ સ્પર્ધામાં તૃતિય ક્રમે વિજેતા થયા હતા.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.)ના તાલીમાર્થી સંજયભાઈ ભીખાભાઈ બોસમિયાએ સુરત મહાનગર પાલિકા આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળામાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની સ્પર્ધામાં ખુલ્લા વિભાગમાં ગ્લોબલ વોર્મિંગ વિષય પર પ્રથમ રહયા હતા. બાગાયત અને હોર્ટીકલ્ચર વિભાગ દ્વારા યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ પૈકી આર્ટીફિશીયલ ફલાવર એરેન્જમેન્ટ સ્પર્ધામાં તૃતીય ક્રમ મેળવ્યો છે. તદ્પરાંત ગીરીશ સોલંકીએ ગુજરાત રાજય સંગીત નાટક એકેદમી દ્વારા આયોજીત રાજય સ્તરની નાટય સ્પર્ધામાં દિગ્દર્શિત કરેલ નાટક ''સાવ અમારી જાત અલગ છે'' ને શ્રેષ્ઠ નાટક (પ્રથમ), શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ (પ્રથમ) તથા તેમના નાટકના ચાર કલાકારોને ''સર્વશ્રેષ્ઠ કલાકાર''ના પારિતોષિકથી નવાજવામાં આવ્યા હતા. આમ કુલ છ પારિતોષિક ગીરીશ સોલંકીના દિગ્દર્શન હેઠળ તૈયાર થયેલ નાટકને ફાળે ગયા હતા.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમર્સ, બી.બી.એ. કોલેજમાં ગ્રંથાલય સમિતિના ઉપક્રમે તા. ૧૨-૧૨-૧૧ના રોજ ''મને ગમતુ પુસ્તક'' વાર્તાલાપ યોજાયો હતો. જેમાં ૧૨ વિદ્યાર્થીઓએ સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકો અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ પટેલ શ્વેતા - ''ગુજરાતની અસ્મિતા'', દ્વિતીય - મૌર્યા પુનમ - ''મેરે સપનોકા ભારત'' તેમજ તૃતિય - પટેલ પ્રશાંત - ''સરદાર એટલે સરદાર'' વિજેતા રહયા હતા.



નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં તા. ૧૩-૧૨-૧૧ના રોજ સદ્ભાવના મિશનના કાર્યક્રમ અંતર્ગત ''૨૧મી સદીનો પ્રથમ દાશકો-વિકાસનો દાયકો'' વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વાદ્સભા સમિતિના ચેરમેન પ્રા. ડૉ. નયનાબેન પટેલ અને આચાર્યા ડૉ. જયોતિબેન નાયકે સાચી સદ્ભાવના વિષે વકતવ્ય આપ્યું હતું. સ્પર્ધાનું પરિણામ : પ્રથમ-સુથાર અંજના સી., દ્વિતીય-પટવા જુવેરીયા એમ., તૃતીય-પટેલ મનીષ જી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. ગીતાબેન ભટ્ટ અને પ્રા. રીટાબેન મહેતાએ સેવા આપી હતી. તદ્પરાંત તા. ૧૫-૧૨-૧૧ના રોજ સદ્ભાવના મિશન કાર્યક્રમ અંતર્ગત ''૨૧મી સદીનો પ્રથમ દશકો-વિકાસનો દાયકો'' વિષય પર આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. પરિણામ : પ્રથમ-જે.ઝેડ. શાહ એન્ડ એચ.પી. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ (સેલ્ફ ફાયનાન્સ) અમરોલી :

(કુમારી નિકમ પૂજા આર.), દ્વિતીય-નવયુગ આર્ટ્સ કોલેજ, સુરત, (કુમારી સુથાર અંજના સી.), તૃતીય-જે.ઝેડ. શાહ એન્ડ એચ.પી. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી, (રાવલ વિરલ એમ.) આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વેડરોડ, સુરતના પ્રા. મેહુલભાઈ દવે અને નવયુગ આર્ટ્સ કોલેજના પ્રા. કિરણભાઈ પુરોહિતે સેવા આપી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી "ડી" ઝોન આંતર કોલેજ વોલીબોલ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારોહમાં પ્રિ. ડૉ. પંકજભાઈ દેસાઈ અને પ્રા. સુશીલાબેન દેસાઈ ઉપસ્થિત રહયા હતા. આ સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન કુલ ૨૫ ટીમોએ ભાગ લીધો હતો. ફાયનલ રાઉન્ડ નવસારીની ગાર્ડા કોલેજ અને બીલીમોરાની વી.એસ. પટેલ આર્ટસ અને સાયન્સ કોલેજ વચ્ચે રમાયો હતો જેમાં ગાર્ડા કોલેજ વિજેતા બની હતી. વલસાડ કોમર્સ કોલેજના શારીરિક શિક્ષણના પૂર્વ અધ્યાપિકા પ્રા. સુશીલાબેન દ્વારા ટ્રોફીઓ સ્પોન્સર કરવામાં આવી હતી. સ્પર્ધાના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રા. ઘનશ્યામ ટંડેલે તમામ વ્યવસ્થા જીમખાના સેક્રેટરી નિલય રાણા અને સ્વયંસેવકોના સહયોગથી સુપેરે સંભાળી હતી. વિજેતા ટીમને પ્રિ. ડૉ. જે.એમ. નાયક દ્વારા ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

## ઈન્ટર્નશીપ

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન ભરથાણા, વેસુ-સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના શિક્ષણ વિભાગના પ્રો. ડૉ. દિપીકાબેન બી. શાહના અધ્યક્ષપણા હેઠળ એમ.એડ્. ના પ્રશિક્ષણાર્થી ભાઈ-બહેનો દ્વારા ઈન્ટર્નશીપ કાર્યક્રમ તા. ૧૨-૧૨-૧૧ થી ૧૭-૧૨-૧૧ સુધી યોજાયો. તાલીમાર્થીઓ દ્વારા શૈક્ષણિક કાર્ય ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ, રમત-ગમત પ્રવૃત્તિઓ, દૈનિક પ્રવૃત્તિઓ સ્પર્ધાઓ યોજી હતી. બી.એડ્.ની વિવિધ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર-શિલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

શ્રીમતી જી.એન. પંડ્યા બી.એડ્. કોલેજ, સુરતમાં ભગવાન મહાવીર બી.એડ્. કોલેજ, સુરતના વિદ્યાર્થીઓએ એક સપ્તાહના ઈન્ટર્નશીપ કાર્યક્રમનું આયોજન કર્યું હતું

## ઉદ્‌ઘાટન



બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં દશાબ્દિવર્ષની ઉજવણી અને નવા મકાનનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડિસેમ્બર ૨૦૦૨ થી શરૂ થયેલ સંસ્થા તેના નવ વર્ષ પૂરા કરી દશાબ્દિ વર્ષ તરીકે ઉજવી રહેલ હોવાથી કોલેજની યશગાથા કોલેજના કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા રજૂ કરવામાં આવી હતી. સાથે તાલીમાર્થીમિત્રોએ કૃતિ પણ રજૂ કરી હતી. નવા મકાનનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરે રીબિન કાપીને કર્યું હતું અને વકતવ્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ રાઠોડે અધ્યક્ષીય પ્રવચન રજૂ કર્યું હતું. આ પ્રસંગે વી.ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન, સુરતના અધ્યાપક ડૉ.કિશોરસિંહ દેસાઈ તથા સંસ્થાના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ, કોષાધ્યક્ષ શ્રી મનિષભાઈ પટેલ તેમજ શ્રીમતી એસ.જે. પટેલ સાર્વ. મહિલા પી.ટી.સી. કોલેજના આચાર્યા શ્રીમતી શૈલાબેન ટંડેલ પણ ઉપસ્થિત રહયા હતા. દશાબ્દિ વર્ષની ઉજવણીના ભાગરૂપે વર્તમાનપત્રોમાં આવતા શ્રેષ્ઠ લેખોનું સંકલિત પુસ્તક "વિચાર સ્પંદન"નું વિમોચન પણ ડૉ. દક્ષેશભાઈ ઠાકરના હસ્તે કરાવવામાં આવ્યું હતું. અંતે કાર્યક્રમની આભારવિધિ ડૉ. મીનાબેન પરમારે તથા કાર્યક્રમનું સંચાલન એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કુલના આચાર્યા શ્રીમતી દર્શનાબેન ટીમરે કર્યું હતું.

## એન.સી.સી.



ભરતપુર (રાજસ્થાન) ૩, રાજસ્થાન આર્ટીલરી બેટરી દ્વારા રાષ્ટ્રીય કક્ષાના એન.સી.સી.ના એન.આઈ.સી. કેમ્પનું આયોજન થયું હતું. જેમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ ૫, ગુજરાતી બટાલીયન એન.સી.સી. સુરત વતી જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર દ્વારા થયું. ૧૧ ભાઈઓ ૬ બહેનોની ટીમમાં ઓફિસર તરીકે જે.એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કેપ્ટન ડી.એમ. વાઘેલાની પસંદગી થઈ હતી. સદર કેમ્પમાં N.I.A.P.માં સદર કોલેજના વિદ્યાર્થીએ પ્રથમ નંબર તથા સમૂહગાન અને સમૂહ નૃત્યમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો.

## આરોગ્ય



તા. ૧૪-૧૨-૨૦૧૧ના રોજ નવયુગ સાયન્સ કોલેજ, સુરતના એન.એસ.એસ. - એન.સી.સી. એકમ દ્વારા સુરત રકતદાન કેન્દ્રના સહયોગથી યોજાયેલ રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. જેનો શુભારંભ આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલનાં રકતદાનથી થયો હતો. કેમ્પનું ઉદ્‌ઘાટન નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી અજીતભાઈ પીઠાવાળા દ્વારા થયું. શિબિરના આયોજનમાં સ્પંદન ચેરિટેબલ ટ્રસ્ટનો આર્થિક સહયોગ રહયો, તેમજ ટ્રસ્ટના ડૉ. કેતનભાઈ જરીવાળા ઉપસ્થિત રહયા હતા.

## પ્રવાસ

એસ.બી. ગાર્ડા કોલેજ આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીની પ્રવાસ સમિતિના નેજા હેઠળ વિદ્યાર્થીઓએ દુધની, મધુબન ડેમ, પારનેરા તથા સેલવાસનો શૈક્ષણિક પ્રવાસ કર્યો.

# વાચન વિશેષ

## વ્યાખ્યાન

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, (બી.એડ્.)માં તા. ૧૬-૧૨-૧૧ના રોજ શિક્ષણ વિભાગના પ્રો. ડૉ. દિપીકાબેન બી. શાહનું 'જીવન શૈલી' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું. જેમાં જીવન જીવવાની કળા, રીત, ઢબ વગેરે ઉપર વિસ્તૃત ચર્ચા થઈ. ત્યારબાદ પ્રશિક્ષણાર્થીઓ સાથે મુકત ચર્ચા યોજાઈ હતી. તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ તાલીમાર્થીની મહિડા અર્ચનાએ કરી.

## આરોગ્ય

નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલમાં તા. ૧-૧૨-૧૧ના રોજ ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીના નૈસર્ગિક ટ્રસ્ટ દ્વારા એઈડ્સ વિષે માહિતી આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી. તદ્પરાંત શ્રી ભરતભાઈ શાહ દ્વારા પણ એઈડ્સ વિષે માહિતી આપવામાં આવી હતી. વધુમાં એઈડ્સ વિષે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં પ્રથમ-ચેતનાબેન પરમાર, દ્વિતીય-દર્શનાબેન વસાવા, હિતેષ ભટ્ટ અને તૃતીય-મહેન્દ્રસિંહ યાદવ વિજેતા રહયા હતા. વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના ભાગરૂપે માંગરોલમાં રેલીનું આયોજન થયું હતું.

## માર્ગદર્શન

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે એકમ કન્સલ્ટન્સી સર્વિસીસ, રાજકોટના સહયોગથી તા. ૧૪-૧૨-૧૧ના રોજ એફ.વાય.બી.કોમ. ઈંગ્લીશ મીડીયમના વિદ્યાર્થીઓ માટે પર્સનાલીટી ડેવલપ્મેન્ટ ટ્રેઈનીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય નિષ્ણાત તરીકે ઈન્ટરનેશનલ ટ્રેઈનીંગ એન્ડ કન્સલ્ટીંગ ડિવીઝન અમેરીકાના પ્રતિનિધિ શ્રીમતી રીના રોનવેલવાલાએ વિદ્યાર્થીઓને નોકરી, ધંધા વ્યવસાયમાં સફળ થવા માટે જરૂરી શૈક્ષણિક ડિગ્રી ઉપરાંત ઈન્ટરેકશન, પ્રેઝન્ટેશન, લુક, બોડી લેંગ્વેજ, કન્વીન્સીંગ પાવર, આઈ કોન્ટક, નોલેજ, કોમ્યુનિકેશન અનુભવ, વ્યવહારૂતા વગેરે મુદ્દાઓ પર વિગતવાર માહિતી આપવામાં આવી.

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

ડૉ. બી.જે. અંકુયા, તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી. ઈ-મેઈલ : lib.vnsgu@gmail.com

## પુસ્તક પરિચય

**નર્મદશતાબ્દિ ગ્રંથ.**
સંપાદક : મુંબાઈ નર્મદશતાબ્દિ સમિતિ, મુંબાઈ.
પ્રકાશક : મુંબાઈ નર્મદશતાબ્દિ સમિતિ, મુંબાઈ, ૧૪-૮-૧૯૩૩. પૃ.૩૪૦ રૂા. ૪-૦૦.

આ ગ્રંથના પ્રથમ વિભાગમાં નર્મદના ગદ્ય અને પદ્યસંગ્રહોમાંથી મુખ્યમુખ્ય અને સૂચક અવતરણો લેવામાં આવ્યાં છે અને બીજા વિભાગમાં નર્મદ વિષે સ્વર્ગસ્થ અને વિદ્યમાન સાક્ષરોના જૂના અને નવા વિવેચનલેખો પ્રકટ કર્યા છે. નર્મદ સંસ્મરણલેખોમાં શ્રી શ્રીધર ગણેશ ખાપર્ડેએ-જેઓ નર્મદને તેમની કાવ્યદીક્ષા ને રાજપ્રકરણદીક્ષાના ગુરુ માને છે.-તેમણે એમનાં સંસ્મરણોને પણ સામેલ કરવામાં આવેલ છે. તદ્પરાંત નર્મદને અર્ધ્ય (૧) શતાબ્દી ઉત્સવ પૂર્વે અને (૨) શતાબ્દી ઉત્સવ પ્રસંગે તથા જીવનકથા અને જીવનકૃતિઓ વગેરે સામેલ છે.

જયાં સુધી ગુજરાતી ભાષા બોલાશે ત્યાં સુધી 'જય જય ગરવી ગુજરાત'ના ધ્વનિઓ અને તેના પડઘાઓ સંભળાયા જ કરશે. આ ઉત્તમ ગ્રંથ વડે ગુજરાતના સાહિત્યરસિક વર્ગોમાં નર્મદની કૃતિઓ વિષે વધારે રસ ઉત્પન્ન થાય અને તેનો વધારે તલસ્પર્શી અભ્યાસ માટે આ ગ્રંથ વધુ ઉપકારક છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વીર નર્મદના નામથી ગૌરવાન્વિત થયેલી છે. એટલે એને માટે મગરૂર થવાનો જેટલો યુનિવર્સિટીને હકક, તેટલી જ તેના નામનું સ્મારક જાળવી રાખવાની તેની ફરજ. વીર નર્મદ સંબંધિત સાહિત્યનો સ્વતંત્ર રીતે યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંગૃહિત કરવાનો પ્રયાસ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલ છે. યુનિવર્સિટીએ પણ ડૉ. રાકેશ દેસાઈ સંપાદિત અંગ્રેજી ભાષામાં અનુદિત 'સોસાયટી એન્ડ લિટરેચરઃ નર્મદ ઈન ક્રિટિકલ ડીસકોર્સ' ગ્રંથનું વિમોચન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે અને યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખા ડીન ડૉ. જગદીશ ગૂર્જર સંપાદિત 'સ્વર્ણિમ ગુજરાતનો સ્વપ્નદ્રષ્ટાઃ વીર નર્મદ' ગ્રંથનું વિમોચન મહામહિમ કુલાધિપતિશ્રીના વરદ હસ્તે યુનિવર્સિટીના ૪૨મા વાર્ષિક પદવીદાન (તા.૨૬-૨-૨૦૧૧) સમયે કરવામાં આવ્યું હતું.

વીર નર્મદના જીવન-કવન પર આપણને થોડાક સંપાદિત ગ્રંથો પ્રાપ્ય છે. પરંતુ આ ગ્રંથ ૧૯૩૩માં પ્રસિધ્ધ થયેલ હોઈ તેનું પુનઃમુદ્રણ થાય તો સાહિત્યજગતને આ ગ્રંથ નવીન સ્વરૂપે પ્રાપ્ય થાય. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian
Published by : J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com